# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

(A Government of Gujarat Undertaking)

"જલસેવા ભવન" છ- રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર- ૧૦- એ, ગાંધીનગર.

પીએબીએક્સ- ૯૯૭૮૪૪૧૧૦૧ થી ૦૫, ફેક્ષ:- ૨૩૨૨૫૯૭૨- ૭૯

એન.એચ.પટેલ

મુખ્ય ઇજનેર (ટેકનીકલ)

વેબ સાઇટ:- www.gwssb.org, ઇ-મેઇલ:- setechcell@gmail.com.


જા.નં./ટેકસેલ/પરિપત્ર/પાણીનું જોડાણ/૨૦૧૬/ ૧૬ ૪૭ તા.૧૭/૧૦ /૨૦૧૬

**વિષય:-** રાજ્યની જુથ પાણી પુરવઠા યોજનામાંથી ખાનગી સોસાયટીઓને પીવાના પાણીનું સીધુ જોડાણ ન આપવા બાબત.

**સંદર્ભ:-**
(૧) માન. સભ્ય સચિવશ્રીના પરિપત્ર ક્રમાંક ટેકસેલ/ ખાનગી જોડાણ/ ધારા- ધોરણ/ ૧૭૪૧/ તા. ૩/૭/૨૦૧૨.
(૨) માન. સભ્ય સચિવશ્રીની ડાયમંડનગર કોપોરેટીવ હાઉસીંગ સોસાયટી, ઇચ્છાપોર, સુરત ફાઇલ નં- ૩૪૪ ની તા. ૨૮/૯/૨૦૧૬ ની ફાઇલ પરની નોંધ.

## પરિપત્ર

**આમુખ:-**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની જુદી- જુદી જુથ પાણી પુરવઠા યોજનાની પાઇપ લાઇનમાંથી ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજીક અને ધાર્મિક સંસ્થાઓને પીવાના પાણીનું ખાનગી જોડાણ આપવા બાબતની નીતી અને ધારા- ધોરણ સંદર્ભિત પરિપત્ર (૧) મુજબ અમલી છે.

હાલ ક્ષેત્રિય કચેરીઓમાંથી ગ્રામ પંચાયત વિસ્તાર અને શહેરી સત્તા મંડળ વિસ્તારમાં ખાનગી ડેવલપર દ્વારા બાંધવામાં આવતી ખાનગી સોસાયટીઓને પીવાના પાણી માટે જુથ યોજનાની પાઇપલાઇનમાંથી સીધુ જોડાણ આપવાની દરખાસ્તો ધ્યાને આવેલ છે. ખાનગી સોસાયટીઓના પાણીની જરૂરીયાત વધુ જથ્થામાં હોવાથી હયાત જુથ યોજનાની પાઇપ લાઇનની ડીઝાઇનમાં આ જથ્થો ધ્યાને લેવામાં આવેલ હોતો નથી. જેને પરિણામે જુથ યોજનામાં સમાવિષ્ટ છેવાડાના ગામોને પીવાનું પાણી પહોંચાડવામાં મુશ્કેલી નડે છે.

માન. સભ્ય સચિવશ્રી દ્વારા માન. અધ્યક્ષશ્રી અને અગ્ર સચિવશ્રી (પાણી પુરવઠા) સાથે આ બાબતે ચર્ચા કર્યા બાદ ટેકનીકલ સેલની ફાઇલ નંબર- ૩૪૪ ઉપર આપવામાં આવેલ સૂચના અનુસાર રાજયની ખાનગી સોસાયટીને જુથ યોજનાની પાઇપ લાઇનમાંથી સીધુ કનેકશન ન આપવા નકકી થયેલ છે. જે સંદર્ભે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

ગુજરાત રાજયમાં ગ્રામ પંચાયત વિસ્તાર અને શહેરી સત્તા મંડળ વિસ્તારમાં બાંધવામાં આવતી ખાનગી સોસાયટીઓને પીવાના પાણી માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ હસ્તકની જુથ યોજનાની પાઇપ લાઇનમાંથી સીધુ જોડાણ આપવામાં આવશે નહીં. આવી કોઇ દરખાસ્તો સીધી અત્રે સાદર કરવાની રહેશે નહીં. જેતે સોસાયટીએ ગ્રામ પંચાયત/ શહેરી સત્તા મંડળને દરખાસ્ત કરવાની




Scanned by CamScanner

રહેશે. જી.ડબલ્યુ.એસ.એસ.બી. હસ્તકની પાઇપોની વર્તમાન સ્થિતિ, કેરીંગ કેપેસીટી ધ્યાને લઇ, નામંજુરીની જાણ ઝોન સ્તરેથી કરવાની રહેશે.

ઉપરોકત કાર્યવાહી કરાયેલ હોય તેવી મંજુર કરવાની દરખાસ્તો સ્પષ્ટ ભલામણ સાથે અત્રે મોકલવાની રહેશે. આ બાબતનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર માન. સભ્ય સચિવશ્રીની તા. ૧૪/૧૦/૨૦૧૬ ની સહમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

(એન.એચ.પટેલ)
મુખ્ય ઇજનેર, (ટેકનીકલ)

**નકલ સાદર રવાના પ્રતિ,**

- તાંત્રિક સલાહકારશ્રી, માન. અધ્યક્ષશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અંગત મદદનીશશ્રી, માન. સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના પ્રતિ,**

- મુખ્ય ઇજનેરશ્રી, યાંત્રિક, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન- ૧, વડોદરા, ઝોન- ૨, અમદાવાદ, ઝોન- ૩, રાજકોટ, ઝોન- ૪, કચ્છ-ભૂજ, ઝોન- ૫, જુનાગઢ તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.
- અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.વર્તુળ, ................................ તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.
- કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાં.વિભાગ, .......................... તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.
- માસ્ટર ફાઇલ.



Scanned by CamScanner